# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

સત્યમેव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/કરુણા અભિયાન/૨૦૧૮/~~૪૫૦~~૮ તા.૦૭/૦૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
ભાવનગર

વિષય : કરુણા અભિયાન ૨૦૧૯ (૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી)
સંદર્ભ : કમિશનર શાળાઓની કચેરીનાં પત્રાંક માધ્ય/પરચ/૨૦૧૯-૩૦૬-૩૯, તા.૦૪/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શીત પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે ઉત્તરાયણનાં પર્વ નિમિત્તે તા.૧૦/૦૧/૨૦૧૯ થી ૨૦/૦૧/૨૦૧૯ દરમ્યાન રાજ્ય વ્યાપી કરુણા અભિયાનનું આયોજનર થનાર છે. આ સાથે સામેલ પત્રમાં જણાવ્યાનુસારની કાર્યવાહી તથા કરુણા અભિયાન ૨૦૧૯ અન્વયે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા માટે નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

Urgent/ Most Important

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯ 306-37
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.04 /૦૧/૨૦૧૯
05

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી ,
તમામ

વિષય : કરુણા અભિયાન ૨૦૧૯ ( ૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી)
સંદર્ભ : વીઆઇપી-૧૧૨૦૧૮-૯૫-વ.૨ , શિક્ષણ વિભાગ. તા. ૨૮/૧૨/૧૮

ઉપરોક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગ, ગાંધીનગર તા. ૨૮/૧૨/૧૮ ના સંદર્ભ દર્શીત પત્ર તથા માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રવાશન,વન,મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રીના તા. ૨૭/૧૨/૧૮ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે , ઉત્તરાયણના પર્વ નિમિત્તે તા. ૧૦/૦૧/૨૦૧૯ થી ૨૦/૦૧/૨૦૧૯ દરમ્યાન રાજ્ય વ્યાપી કરુણા અભિયાનનું આયોજન થનાર છે. આથી આ સાથે સામેલ પત્રમાં જણાવ્યાનુસારની કાર્યવાહી કરવા તથા કરુણા અભિયાન ૨૦૧૯ અન્વયે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા માટે આપના હસ્તકની શાળાઓને પરિપત્રિત કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ : ઉપર મુજબ

Scanned with CamScanner

તાત્કાલિક

ક્રમાક-વીઆઇપી-૧૧૨૦૧૮-૯૫-વ.૨

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા-૨૮/૧૨/૨૦૧૮

કમિશનર શાળાઓની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગર
1-1 JAN 2019
837

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) સચિવશ્રીશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર

(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષય- કરુણા અભિયાન ૨૦૧૯ (૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી)

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રવાશન, વન, મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રીના તા.૨૭/૧૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક માન.મંત્રીશ્રી/આ.વિ.પ્રવાન, વન,મ.બા.ક/૫૦૫૯/૨૦૧૮ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનુ કે, ઉત્તરાયણના પર્વ નિમિત્તે તા.૧૦/૦૧/૨૦૧૯ થી ૨૦/૦૧/૨૦૧૯ દરમ્યાન રાજ્ય વ્યાપી કરુણા અભિયાનનું આયોજન થનાર છે. આથી આ સાથે સામેલ પત્રમાં જણાવ્યાનુસારની કાર્યવાહી કરવા તથા કરુણા અભિયાન ૨૦૧૯ અન્વયે વિદ્યાર્થીઓમાં જગૃતતા લાવાવા માટે આપના હસ્તકની કચેરીઓને સૂચના તાત્કાલિક પરિપત્રિત કરવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણ-ઉપર મુજબ

નકલ રવાના જાણ સારૂ

- માન.મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રવાશન, વન, મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વન્ય પ્રાણી) "અરણ્ય ભવન", ચ-૩ સર્કલ પાસે, સેક્ટર - ૧૦ - એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ તરફ જાણ સારૂ.



Scanned with CamScanner

**તાત્કાલિક / સમયમર્યાદા**
**બેઠક બાબતે.**

**અંગત સચિવ**

સત્યમેવ જયતે

ક્રમાંક : માન.મંત્રીશ્રી/આ.વિ.,પ્રવાસન, વન, મ.બા.ક/ ૫૦૫૯/૨૦૧૮
**માન. મંત્રીશ્રી,**
**આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન,**
**મહિલા અને બાળ કલ્યાણનું કાર્યાલય,**
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : (ઓ) ૦૭૯ ૨૩૨ ૫૧૯૩૫/૩૭/૩૮
ફેક્સ નં. : ૦૭૯ ૨૩૨ ૫૧૯૩૯
તારીખ : 27 DEC 2018

દર વર્ષની જેમ ઉત્તરાયણના પર્વ નિમિત્તે આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા તા.૧૦/૦૧/૨૦૧૯ થી તા.૨૦/૦૧/૨૦૧૯ દરમ્યાન રાજ્ય વ્યાપી **કરુણા અભિયાનનું** આયોજન કરાનાર છે. તે અંતર્ગત કરવાની કાર્યવાહી/ લેવાનાં પગલાં અને સમગ્ર આયોજનની ચર્ચા-વિચારણા માટે, **માન.મંત્રીશ્રી, વનના અધ્યક્ષસ્થાને તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ તાપી હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ વાગે** એક બેઠકનું આયોજન કરાયેલ છે. તદ્દઅનુસાર આ બેઠકમાં જરૂરી વિગતો સહિત હાજર રહેવા તથા અન્ય આનુષાંગિક વ્યવસ્થા કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

**(એ.એમ.ભાવસાર)**
અંગત સચિવ

**પ્રતિ,**
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્ય પ્રાણી), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી,વન અને આદિજાતિ વિકાસનું કાર્યાલય. (માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.)
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પશુપાલન) , કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,અમદાવાદ.
- પોલીસ કમિશ્નરશ્રી, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,અમદાવાદ.
- કલેક્ટરશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન,અમદાવાદ.
- નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, બી-વિંગ, બીજો માળ, કૃષિ ભવન,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ટોરેન્ટ પાવર લિ. ,અમદાવાદ.

**નકલ રવાનાઃ-** સેકશન અધિકારીશ્રી, કેબિનેટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ... ઉક્ત બેઠક માટે તાપી હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર આરક્ષીત રાખવા તેમજ અન્ય આનુષાંગિક વ્યવસ્થા થવા સારૂ.

Scanned with CamScanner

અગ્ર મુખ્ય વન સંરક્ષક,
વન્યપ્રાણી, ગુજરાત રાજ્યની કચેરી,
ગાંધીનગર

પત્ર ક્રમાંકઃ વપસ/૨૬/ બ/ ૯૧૨૧૯૦ / સને ૨૦૧૮-૧૯ તા/૧/૧૨/૨૦૧૮

પરિપત્ર

વિષયઃ કરૂણા અભિયાન - ૨૦૧૯ (૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૯).

૧. આમુખઃ

ગુજરાત રાજ્ય તેના વૈવિધ્યંસભર તહેવારો, ઉત્સવો અને પર્વોથી દેશભરમાં સુવિખ્યાત છે, જેમાં ઉતરાયણના પર્વનું અનેરુ મહત્વ છે. રાજ્યમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી મકરસક્રાંતિના અગાઉથી શરૂ થઇ જાય છે અને અઠવાડિયાથી દશ દિવસ સુધી ખૂબ જ જોરશોરથી સતત ચાલુ રહે છે. રાજ્યમાં ઉત્તરાયણ ઉપરાંત વાસી ઉત્તરાયણની (૧૫ જાન્યુઆરી) ઉજવણીમાં પ્રજાજનો મોટી સંખ્યામાં જોડાય છે.

રાજયના ધાર્મિક લોકો જીવદયાને વરેલા છે. છતાં ઉત્તરાયણ પર્વના ઉમંગ અને ઉત્સાહમાં આકાશમાં મુક્તપણે વિચરતા પક્ષીઓ દોરીથી ઘાયલ થવાના, મૃત્યુ પામવાના બનાવો બને છે. પતંગ ચગાવતી વખતે વાપરવામાં આવતો પરદેશી માંજો આ સમસ્યાને વધુ ગંભીર બનાવી દેતો હોય છે. માનવ જ્યારે સૃષ્ટિના મોખરે બેઠો હોય ત્યારે અબોલ પક્ષીઓ પ્રત્યે તેમનો વ્યવહાર ખૂબ જ સંવેદનશીલ રહે તે ખૂબ આવશ્યક છે. ખાસ કરીને ઉત્તરાણ જેવા પર્વની ઉજવણી જેવો માનવનો હર્ષ અને ઉલ્લાસનો પ્રસંગ અબોલ પક્ષીઓ માટે કોઇ ખતરારૂપ ન થાય તે રીતે ઉજવવામાં આવે તે દિશામાં પ્રયત્નો થવા ઇચ્છનિય છે.

દર વર્ષે ઉત્તરાયણની ઉજવણી દરમ્યાન પતંગના દોરાથી ઘાયલ થયેલ પક્ષીઓને બચાવવા તેમજ સમયસર સારવાર આપવા માંટે વન વિભાગ દ્વારા સરકારશ્રીના અન્ય સંબંધિત વિભાગો, બિન સરકારી સંસ્થાઓ, જીવદયાના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ, પક્ષી બચાવવા સાથે જોડાયેલ ઉત્સુક યુવાનો અને સામાન્ય પ્રજાના સહયોગથી ખુબ જ ઉમદા કાર્યક્રમો યોજવામાં આવે છે.

૨. ગત વર્ષની કામગીરી ઉપરથી સુધારાનો અવકાશની સમીક્ષાઃ

વર્ષ-૨૦૧૮માં કરૂણા અભિયાન દરમ્યાન અમુક જિલ્લાઓમાં ઘાયલ થયેલ પક્ષીઓની સંખ્યાના આંકડાઓની સમીક્ષા કરતા કરૂણા અભિયાન દરમ્યાન પક્ષીઓની સારવાર માટે કરવાના થતા આયોજનમાં સુધારાનો અવકાશ રહેલ છે તે મુજબ કરૂણા અભિયાન-૨૦૧૯નું આયોજન



Scanned with CamScanner

કરતી વખતે રાજ્યના તમામ જિલ્લાઓમાં પુરતુ આયોજન અને વ્યવસ્થા ગોઠવવામાં આવે તે રીતે કામગીરી કરવા સુચના આપવામાં આવે છે.

(i) વર્ષ ૨૦૧૮ દરમ્યાન નીચે મુજબના વિભાગોમાં ઉપલબ્ધ ડૉક્ટરો/સ્વયંસેવકોની સંખ્યા સામે સારવાર કરવામાં આવેલ પક્ષીઓની સંખ્યા ઓછી જણાય છે.

| અ.નં. | જીલ્લાનું નામ | ડૉક્ટરની સંખ્યા | સ્વંયસેવકોની સંખ્યા | સારવાર કરેલ પક્ષીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૯ | ૬૫ | ૪૬ |
| ૨ | મહિસાગર | ૫ | ૧૨ | ૪૫ |
| ૩ | તાપી | ૩ | ૫૩ | ૪૨ |
| ૪ | બોટાદ | ૪ | ૧૯ | ૩૭ |
| ૫ | અરવલ્લી | ૭ | ૬૬ | ૩૪ |
| ૬ | જુનાગઢ | ૧૧ | ૪૯ | ૩૪ |
| ૭ | નર્મદા | ૧૧ | ૧૦૨ | ૨૪ |
| ૮ | છોટાઉદેપુર | ૧૩ | ૨૪ | ૧૧ |
| ૯ | દેવભૂમિદ્વારકા | ૩ | ૪૦ | ૮ |
| ૧૦ | ગીરસોમનાથ | ૩ | ૫ | ૩ |
| ૧૧ | ડાંગ | ૪ | ૧૦ | ૨ |

કરૂણા અભિયાન ૨૦૧૯ દરમ્યાન ઉપર જણાવેલ વિભાગોને ઉપલબ્ધ ડોક્ટરો, સ્વયંસેવકો, માળખાકીય સુવિધાઓનું વ્યવસ્થિત આયોજન કરી જિલ્લાના તમામ વિસ્તારોમાં વ્યવસ્થિત આયોજનબધ્ધ રીતે ગોઠવણ કરી વધુમાં વધુ ઘાયલ પક્ષીઓને સારવાર આપવામાં આવે તે રીતે આયોજન કરવા સુચના આપવામાં આવે છે.

(iv) વર્ષ ૨૦૧૮ દરમ્યાન નીચે મુજબના જીલ્લાઓમાં ડૉક્ટરો/સ્વયંસેવકોની સંખ્યા ઘાયલ પક્ષીઓની સંખ્યાની સાપેક્ષમાં ઓછી જણાય છે.

| અ.નં. | જીલ્લાનું નામ | ડૉક્ટરની સંખ્યા | સ્વંયસેવકોની સંખ્યા | સારવાર કરેલ પક્ષીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૮ | ૧૩૮ | ૫૦ |
| ૨ | વલસાડ | ૧૩ | ૧૪૮ | ૮૭ |
| ૩ | અમરેલી | ૮ | ૮૬ | ૭૭ |
| ૪ | ભરૂચ | ૮ | ૧૧૦ | ૯૦ |
| ૫ | મોરબી | ૭ | ૩૬ | ૬૪ |
| ૬ | પંચમહાલ | ૪ | ૫૫ | ૫૭ |



Scanned with CamScanner

ઉપરોક્ત પત્રકમાં જણાવેલ જીલ્લાઓના સંબંધિત અધિકારીશ્રીઓને ઘાયલ પક્ષીઓની સારવાર માટે પુરતા પ્રમાણમાં ડૉક્ટરો, સ્વયંસેવકો, માળખાકિય સુવિધાંઓ પુરી પાડી ઘાયલ પક્ષીઓની સારવાર કરી કરેલ કામગીરીનો અહેવાલ અત્રે સાદર કરવા સુચના આપવામાં આવે છે.

૩. કરૂણા અભિયાન ૨૦૧૯ માટે નોડલ અધિકારીઓની નિમણુંકઃ

રાજ્યમાં આવેલ જિલ્લાઓમાં આ સાથે સામેલ પત્રક-૨ મુજબની વિગતે દર્શાવેલ નાયબ વન સંરક્ષકશ્રીઓએ જિલ્લા કક્ષાએ કરૂણા અભિયાન-૨૦૧૯ અભિયાન માટે નોડલ અધિકારી તરીકે ફરજ બજાવવાની રહેશે. જ્યારે જિલ્લામાં કાર્યરત અન્ય નાયબ વન સંરક્ષકશ્રીઓએ જિલ્લા નોડલ અધિકારીને સદર અભિયાનની અમલવારીમાં તમામ રીતે સહયોગ આપવાનો રહેશે.

૪. નોડલ અધિકારીઓ જવાબદારીઃ

(i) નોડલ અધિકારીઓ દ્વારા જે તે જિલ્લામાં હાલ ઉપલબ્ધ પશુ પોલીક્લીનીક, પશુ ચિકિત્સાલય, મોબાઈલ પશુ ચિકિત્સાલય અને પશુ ચિકિત્સકોની સાથે સતત સંપર્કમાં રહી તેમની સેવાઓ કરૂણા અભિયાન દરમ્યાન મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. રાજ્યના તમામ જીલ્લાઓમાં કાર્યરત પશુ દવાખાનાઓ, ફરતા પશુ દવાખાનાઓ, શાખા પશુ દવાખાનાઓ, વેટેનરી પોલી ક્લીનીકોની વિગતો તેમજ વેટેરનરી પોલીક્લીનીકમાં ફરજ ઉપર તહેનાત નિષ્ણાત ડૉક્ટરોની વિગત આ સાથે સામેલ પત્રક-૩માં રાખી તેમની જાણકારી અને ઉપયોગ માટે મોકલવામાં આવે છે.

(ii) નોડલ અધિકારી દ્વારા જે તે જિલ્લામાં કાર્યરત દરેક પશુ દવાખાનાઓ, પશુ પોલીક્લીનીક, મોબાઇલ પશું દવાખાના વન વિભાગના એક પરિક્ષેત્ર વન અધિકારી/વનપાલ કક્ષાના અધિકારીઓને સંકલન કરવાની જવાબદારી સોંપી તેની વિગત સામેલ પત્રક-૪ મુજબ અત્રે તાત્કાલિક સાદર કરવાની રહેશે. સદર કામગીરીમાં જીલ્લામાં કાર્યક્ષેત્ર ધરાવતા વન વિભાગના ક્ષેત્રીય, સામાજિક વનીકરણ, વન્યપ્રાણી અને ખાસ ફરજ ઉપર કાર્યરત ઉપલબ્ધ તમામ પરિક્ષેત્ર વન અધિકારીઓ/વનપાલો માંથી ઉપયુક્ત અધિકારીની પસંદગી કરી સદર કામગીરી સોંપવાની રહેશે.

(iii) નોડલ અધિકારી દ્વારા તેમના જિલ્લામાં કાર્યરત બિન સરકારી સંસ્થાઓ અને વન્યપ્રાણી બચાવ માટે ઉપલબ્ધ ઉત્સુક યુવાનોની વિગત સંકલિત કરી સામેલ



Scanned with CamScanner

પત્રક-૫ મુજબની વિગતે તાત્કાલિક અત્રે સાદર કરવાની રહેશે. સાથોસાથ આ માનવબળને ઉપયુક્ત રીતે આ અભિયાનમાં સંકળાવવા માટેનું આયોજન પણ નોડલ અધિકારી દ્વારા કરવાનું રહેશે.

(iv) કરૂણા અભિયાન દરમ્યાન તા.૧૦/૦૧/૨૦૧૯ થી શરૂ કરી તા.૨૦/૦૧/૨૦૧૯ સુધી સૂર્યોદયથી સૂર્યાસ્ત (સવારે ૭.૦૦ વાગેથી સાંજે ૧૮.૦૦ વાગે સુધી) દરેક તાલુકામાં એક કંટ્રોલ રૂમ કાર્યરત રાખવાનો રહેશે. સદર કંટ્રોલ રૂમમાં ફોન/મોબાઇલની સુવિધા સતત ચાલુ રાખવાની રહેશે. જેથી પ્રજા દ્વારા ઘાયલ પક્ષીઓની માહિતી સમયસર આપવામાં અનુકુળતા રહે. જે તે જીલ્લામાં તમામ તાલુકાઓમાં કાર્યરત કંટ્રોલ રૂમની વિગતો જીલ્લાના તમામ વિભાગો/સંસ્થાઓ/બિન સરકારી સંસ્થાઓ/સામાન્ય પ્રજાને અગાઉ પ્રાપ્ત થાય તે નોડલ ઓફિસર સુનિશ્ચિત કરવાનું રહેશે.

(v) ગત વર્ષે પક્ષી બચાવો સારવાર કેન્દ્રો તથા કંટ્રોલ રૂમ ઉભા કરવામાં આવેલ હોઈ તેની સમીક્ષા કરી જરૂર જણાયે તે સ્થળોમાં જરૂરી ફેરફાર, સગવડોમાં ઉપયુક્ત સુધારાઓ અને પક્ષી બચાવો નવા સારવાર કેન્દ્રો કાર્યરત કરવા અંગેનું આયોજન નોડલ અધિકારીએ તમામ સંબંધિતના સંપર્ક અને પરામર્શમાં રહી કરવાનું રહેશે.

(vi) જે તે જિલ્લામાં આ ઉમદા કાર્યક્રમમાં જોડાવા માંગતા અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થાઓનો સંપર્ક સાધી તેઓને પણ આ કાર્યક્રમમાં સહભાગી બનાવવા માટેનું પગલુ નોડલ અધિકારીએ તાત્કાલિક ભરવાનું રહેશે.

(vii) નોડલ અધિકારી દ્વારા જે તે જિલ્લામાં કરૂણા અભિયાન-૨૦૧૯ દરમ્યાન વન વિભાગ પાસે ઉપલબ્ધ માનવબળ, વાહનો વિગેરે સહિતની તમામ માળખાગત સુવિધાઓનો ઉપયોગ કરી આયોજન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

(viii) કરૂણા અભિયાન ૨૦૧૯ દરમ્યાન કપાયેલી પતંગની દોરીઓ જે વૃક્ષ, વીજ લાઈન, મકાન કે અન્ય કોઈ સ્થળે લટકતી હોય તેને તાત્કાલિક કાઢી, નિકાલ કરવા વિશેષ કાળજી લેવા વ્યવસ્થા ગોઠવવા સુચના આપવામાં આવે છે. વિવિધ સ્થળોથી આવી રીતે નિકાલ કરવામાં આવેલ દોરીઓની વિગત પત્રક-૬ મુજબ અત્રે સાદર કરવા સુચના આપવામાં આવે છે.

Scanned with CamScanner

(ix) કરૂણા અભિયાન ૨૦૧૯ની ઉજવણી દરમ્યાન બિન સરકારી સંસ્થાઓને ઘાયલ પક્ષીઓના સારવાર માટે કેમ્પ/સારવાર કેન્દ્ર શરૂ કરવાની અનુમતિ અત્રેના જાણ હેઠળ સબંધિત નોડલ અધિકારીઓ દ્વારા આપવાની રહેશે.

૫. બિન સરકારી/સ્વંયસેવી સંસ્થાઓનો સહયોગઃ

ગુજરાત રાજ્ય જીવ દયાને ક્ષેત્રે કામ કરવામાં ખૂબ જ જાણીતું છે. રાજ્યની સામાન્ય પ્રજા અબોલા જીવો પ્રત્યે ખૂબ જ લાગણીશીલ છે. ઉત્તરાયણના દિવસે અબોલા પશુ પંખીઓને વિપુલ માત્રામાં અન્ન દાન કરવાનું આગવુ મહત્વ રહેલ છે. રાજ્યમાં જીવદયાના ક્ષેત્રમાં કામ કરનારી સંસ્થાઓ વિપુલ પ્રમાણમાં સક્રિય રીતે કાર્યરત છે.

ગત વર્ષે કરૂણા અભિયાનમાં જોડાયેલ બિન સરકારી સંસ્થાઓની વિગત તેમજ જીવદયાના ક્ષેત્રે કાર્યરત શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ અંતર્ગત જુદા જુદા જિલ્લાઓ/તાલુકાઓમાં કાર્યરત સંસ્થા/સ્વંયસેવકોની યાદી સામેલ પત્રક-૭ મુજબની વિગતે તેમની જાણકારી અને ઉપયોગ માટે મોકલવામાં આવે છે.

૬. સરકારના અન્ય વિભાગઓ સાથે સંકલન/સહયોગઃ

(i) વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯માં ઉત્તરાયણ વખતે ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી રાજયના સમગ્ર વિસ્તારને આવરી લઇ " કરૂણા અભિયાન " કાર્યક્રમનું આયોજનમાં જીલ્લા/મહાનગરપાલિકા વિસ્તારના સરકારશ્રીના તમામ વિભાગો, સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરે તમામ સંબંધિતોનો સક્રિય સહયોગ કરવા સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા પત્ર પાઠવી રાજય/ મહાનગરપાલિકા કક્ષાએ સંકલન કરવામાં સહયોગ/નેવૃત્વ પુરૂ પાડવા વિનંતી કરવામાં આવેલ છે. જેથી આ કાર્યક્રમમાં તમામ સંબંધિત વિભાગો/સંસ્થાઓ સક્રિય રીતે જોડાય તે રીતે જીલ્લાકક્ષાએ આયોજન કરવા સૂચન આપવામાં આવે છે.

(ii) આ કામગીરી શરૂ કરતાં પહેલા આ કામગીરી સાથે સંકળાયેલ વન વિભાગના અધિકારીઓ /કર્મચારીઓ, પશુચિકિત્સકો જાણકાર નિષ્ણાંતો, ફાયર બ્રીગેડ, અન્ય ઇમરજન્સી સેવાઓ આપતી સંસ્થાઓ, મ્યુનિસીપલ કોર્પોરેશન તથા નગર પાલિકાઓના પ્રતિનિધિઓ, જીવદયા મંડળો, જીવદયા પ્રેમીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ વિગેરે તમામ સાથે એક બેઠક યોજી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી તે મુજબ કામગીરી થાય તે જોવાનું રહેશે તેમજ કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ

બેઠકો દરમિયાન નિયત થયા અનુસારની તમામ કામીગીરઓ કરવાની રહેશે. વિભાગ હેઠળના શકય તેટલા વધુ વાહનો આ કામગીરી સબબ ઉપયોગ માટે ઉપલબ્ધ થાય તે પ્રકારનું આયોજન કરવાનું રહેશે.

૭. કરૂણા અભિયાન ૨૦૧૮માં નવા ક્ષેત્રો/બાબતોનો સમાવેશઃ

(i) પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા તા.૨૭-૧૧-૨૦૧૭ના પત્રથી (પરિશિષ્ટ-૧) જણાવ્યા મુજબ અકસ્માતનો ભોગ બને ઈજાગ્રસ્ત પશુ પક્ષીઓની તથા ઈમરજન્સી કેસોની સારવાર માટે વર્ષ ૨૦૧૮ થી હેલ્પ લાઇન નંબર ૧૯૬૨ ની શરૂઆત કરવામાં આવેલ. હવે આ હેલ્પ લાઇન એમ્બ્યુલન્સ રાજ્યના તમામ જીલ્લાઓમાં ઉપલબ્ધ છે. જે માટે હેલ્પ લાઈન નંબર ૧૯૬૨ પર ફોન થતા એનીમલ એમ્બ્યુલન્સ સ્થળ પર જઈને પશુ ચિકિત્સક દ્વારા સારવાર આપવામાં આવે છે જેની સંબંધિત શહેર/મહાનગર પાલિકા વિસ્તારમાં બહોળી પ્રસિધ્ધિ કરવા અને કરૂણા અભિયાન-૨૦૧૯ દરમ્યાન તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

(ii) કરૂણા અભિયાન ૨૦૧૯ની ઉજવણી દરમ્યાન બિન સરકારી સંસ્થાઓને ઘાયલ પક્ષીઓના સારવાર માટે કેમ્પ/સારવાર કેન્દ્ર શરૂ કરવાની અનુમતિ અત્રેના જાણ હેઠળ સબંધિત નોડલ અધિકારીઓ દ્વારા આપવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે રીટ પીટીશન (પી.આઇ.એલ.) ૯ અને ૧૨/૨૦૧૭માં નામદાર હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ (પરિશિષ્ટ-૨) મુજબ સદર કેમ્પ/સારવાર કેન્દ્ર રહેઠાણ વિસ્તાર (Residential Area) માં ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(iii) નિયામકશ્રી, પર્યાવરણ, ગુજરાત રાજ્ય દ્વારા તેમના પત્રાંકઃ Env/10/2016/NGT/04/T, તા. ૦૭.૧૨.૨૦૧૭ (પરિશિષ્ટ–૩) થી જણાવ્યાનુસાર પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ની કલમ ૫ ની જોગવાઇ તેમજ પ્રસ્તુત બાબતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા કેસ નં. ૩૮૪/૨૦૧૬ની સાથે MA ૧૯૪૭/૨૦૧૬ અને ૩૧૭/૨૦૧૭માં ફરમાવેલ હુકમ મુજબ ચાયનીઝ માંજાના ઉપયોગ ઉપર નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ હોય તેનો ચુસ્તપણે અમલ કરવા તેમજ આ બાબતે પ્રજામાં જાગૃતિ કેળવાય તે માટે સ્થાનિક કક્ષાએ નક્કર પગલાં ભરવા સુચના આપવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

Scanned with CamScanner

૮. કરૂણા અભિયાનનો પ્રચાર અને જનજાગૃતિઃ

કરૂણા અભિયાન-૨૦૧૮ દરમ્યાન વન વિભાગ દ્વારા ઘાયલ પક્ષીઓના બચાવ/સારવાર માટે ગોઠવવામાં આવેલ વ્યવસ્થાની બહોળી પ્રસિધ્ધિ તેમજ તે માટે જન જાગૃતિ કેળવાય તે માટે નીચે મુજબના પગલાંઓ ભરવા સુચનાઓ આપવામાં આવે છે.

(i) આ કાર્યક્રમ દરમ્યાન મુખ્યત્વે સંકલન અને લોક જાગૃતિ સંબંધિત કામગીરી કરવી ખુબ જ અગત્યની છે. આ કામગીરી માટે વિભાગીય કક્ષાએ તથા રેન્જ કક્ષાએ કન્ટ્રોલ રૂમ સતત ચાલુ રહે તેવી ગોઠવણ કરવી.

(ii) કન્ટ્રોલ રૂમ તથા હેલ્પ લાઈન ગોઠવાય અને ઉત્તરાયણના નિશ્ચિત સમયગાળા દરમ્યાન સતત ચાલુ રહે તે બાબત સુનિશ્ચિત કરવી.

(iii) સુર્યોદય અને સુર્યાસ્તના સમયે જ્યારે આકાશમાં પક્ષીઓની ઉડવાની ગતિવીધિનું પ્રમાણ વધારે હોય તે સમય દરમ્યાન પતંગ નહી ચગાવવા બાબતે લોકોમાં જાગૃતિ ઉભી થાય તેવા સઘન પ્રયત્નો કરવા.

(iv) સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પક્ષી બચાવો અભિયાન અંગે કન્ટ્રોલ રૂમ/હેલ્પ લાઈનના નંબર/સંપર્ક સુત્રો બાબતે આગોતરી જાણકારી લોકોને અપાય તે માટેનું વ્યવસ્થિત આયોજન કરવું.

(v) સ્થાનિક ટીવી ચેનલો ઉપર પક્ષી બચાવો જાગૃતિ માટે કિલીપીંગ ચાલુ રહે તે માટે કાર્યવાહી કરવી.

(vi) ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જેવા શહેરોમાં મોકાની જગ્યાએ હોર્ડીગ્સ/ બેનરો કરુણા અભિયાન શરૂ થાય તે સાથે બેનરો વ્યવસ્થિત લાગી જાય તે માટે નાયબ વન સંરક્ષકશ્રી, પ્રકાશન અને સંપર્ક વિભાગ ધ્વારા કામગીરી કરવાની રહેશે.

(vii) નાયબ વન સંરક્ષકશ્રી, પ્રકાશન અને સંપર્ક વિભાગ ધ્વારા કરુણા અભિયાનના ભાગરૂપે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતા પ્રમુખ સમાચાર પત્રોમાં ફુલ પેજની જાહેરાત પ્રસિધ્ધ થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે.

(viii) નાયબ વન સંરક્ષકશ્રી, પ્રકાશન અને સંપર્ક વિભાગ ધ્વારા જુદા-જુદા જિલ્લાના મુખ્ય મથક/ તાલુકા મથક ઉપર આવેલ છબીગૃહોમાં પક્ષી બચાવો અંગેની સ્લાઇડ કરુણા અભિયાન દરમિયાન દરરોજ દર્શાવવામાં આવે તે માટે સંબંધિત વિભાગ/એજન્સીનો સંપર્ક સાધી વ્યવસ્થા ગોઠવાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.



Scanned with CamScanner

(ix) કરુણા અભિયાન દરમિયાન વન વિભાગોની તમામ રેંજો દ્વારા તેમના વિસ્તારમાં પક્ષીઓના સંરક્ષણ ઉપરની ફિલ્મ બતાવવાની રહેશે.

(x) વર્તુળ કક્ષાએ જે તે જિલ્લામાં ફરજ બજાવતા નોડલ અધિકારીની કામગીરીની સમીક્ષા/ સંકલન સંબંધિત વન સંરક્ષકશ્રી/મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા થાય તે રીતે કામગીરી કરવા સુચના આપવામાં આવે છે.

(xi) નોડલ અધિકારી દ્વારા તા. ૧૦-૦૧-૨૦૧૯થી શરૂ કરી તા. ૨૦-૦૧-૨૦૧૯ સુધી ઘાયલ પક્ષીઓને આપેલ સારવારની વિગત દરરોજ ઈ-મેઇલ દ્વારા cwlwguj@gmail.com ઉપર સાદર કરવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

(એ.કે.સક્સેના)
અગ્ર મુખ્ય વન સંરક્ષક
વન્યજીવ, ગુજરાતરાજ્ય
ગાંધીનગર

પ્રતિ,

- મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
- વન સંરક્ષકશ્રી, તમામ
- નાયબ વન સંરક્ષકશ્રી, તમામ
- મદદનીશ વન સંરક્ષકશ્રી, કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર.

નકલ સાદર રવાના: અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ સવિનય રવાના: નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: નાયબ વન સંરક્ષકશ્રી, પ્રકાશ અને સંપર્ક વિભાગ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.



Scanned with CamScanner

## પક્ષી બચાવ અભિયાન વર્ષ-૨૦૧૮ મુખ્ય સારવાર કેન્દ્રની વિગત

| અ.નં. | જીલ્લાનું નામ | ડૉક્ટરની સંખ્યા | સ્વંસેવક ની સંખ્યા | સારવાર કરેલ પક્ષીની સંખ્યા | સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ પક્ષીની સંખ્યા | સારવાર બાદ મુક્ત કરેલ પક્ષીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | કચ્છ | ૩૫ | ૧૮૦ | ૧૧૦ | ૧૪ | ૯૬ |
| ૨ | જામનગર | ૮ | ૧૩૮ | ૫૦ | ૧ | ૪૯ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | ૩ | ૪૦ | ૮ | ૧ | ૭ |
| ૪ | પોરબંદર | ૧૨ | ૮૫ | ૧૦૦ | ૭ | ૯૩ |
| ૫ | જુનાગઢ | ૧૧ | ૪૯ | ૩૪ | ૪ | ૩૦ |
| ૬ | ગીર સોમનાથ | ૩ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૭ | અમરેલી | ૮ | ૮૬ | ૭૭ | ૮ | ૬૯ |
| ૮ | ભાવનગર | ૧૨ | ૨૩૮ | ૨૬૩ | ૫૧ | ૨૧૨ |
| ૯ | બોટાદ | ૪ | ૧૯ | ૩૭ | ૫ | ૩૨ |
| ૧૦ | રાજકોટ | ૧૧ | ૧૦૮ | ૭૮૮ | ૪૩ | ૭૪૫ |
| ૧૧ | મોરબી | ૭ | ૩૬ | ૬૪ | ૧ | ૬૩ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૭ | ૯૨ | ૨૦૭ | ૧૯ | ૧૮૮ |
| ૧૩ | પાટણ | ૯ | ૧૧૯ | ૧૯૪ | ૧૯ | ૧૭૫ |
| ૧૪ | મહેસાણા | ૨૩ | ૨૩૦ | ૧૯૦ | ૧૫ | ૧૭૫ |
| ૧૫ | બનાસકાંઠા | ૬૨ | ૨૮૫ | ૧૩૭ | ૧૧ | ૧૨૬ |
| ૧૬ | અરવલ્લી | ૭ | ૬૬ | ૩૪ | ૧ | ૩૩ |
| ૧૭ | સાબરકાંઠા | ૨૨ | ૩૫૫ | ૧૪૭ | ૧૨ | ૧૩૫ |
| ૧૮ | ગાંધીનગર | ૧૩ | ૧૮૮ | ૩૧૭ | ૨૦ | ૨૯૭ |
| ૧૯ | અમદાવાદ | ૩૨ | ૧૩૦૨ | ૪૨૧૦ | ૩૪૩ | ૩૮૬૭ |
| ૨૦ | ખેડા | ૨૩ | ૧૨૮ | ૧૨૦ | ૨ | ૧૧૮ |
| ૨૧ | આણંદ | ૨૧ | ૮૧ | ૨૫૬ | ૩૪ | ૨૨૨ |
| ૨૨ | વડોદરા | ૩૪ | ૩૪૫ | ૧૩૦૬ | ૯૦ | ૧૨૧૬ |
| ૨૩ | પંચમહાલ | ૪ | ૫૫ | ૫૭ | ૧ | ૫૬ |
| ૨૪ | મહીસાગર | ૫ | ૧૨ | ૪૫ | ૪ | ૪૧ |
| ૨૫ | દાહોદ | ૯ | ૬૫ | ૪૬ | ૦ | ૪૬ |
| ૨૬ | છોટાઉદેપુર | ૧૩ | ૨૪ | ૧૧ | ૧ | ૧૦ |
| ૨૭ | નર્મદા | ૧૧ | ૧૦૨ | ૨૪ | ૩ | ૨૧ |
| ૨૮ | ભરૂચ | ૮ | ૧૧૦ | ૯૦ | ૧૩ | ૭૭ |
| ૨૯ | સુરત | ૧૫ | ૧૪૫૫ | ૧૩૫૬ | ૭૩ | ૧૨૮૩ |
| ૩૦ | તાપી | ૩ | ૫૩ | ૪૨ | ૨ | ૪૦ |
| ૩૧ | નવસારી | ૧૭ | ૮૪ | ૧૫૯ | ૮ | ૧૫૧ |
| ૩૨ | વલસાડ | ૧૩ | ૧૪૮ | ૮૭ | ૧૦ | ૭૭ |
| ૩૩ | ડાંગ | ૪ | ૧૦ | ૨ | ૨ | ૦ |
| | એકંદરે કુલ | ૪૬૯ | ૬૨૯૩ | ૧૦૫૭૧ | ૮૧૯ | ૯૭૫૨ |

Scanned with CamScanner

## પત્રક-૨

## ઉત્તરાયણ પર્વ - ૨૦૧૯ "કરુણા અભિયાન"

## જીલ્લાવાર નોડલ અધિકારીઓની યાદી

| અ.નં. | જીલ્લાનું નામ | જીલ્લા નોડલ અધિકારીનું નામ, ના.વ.સં. | વિભાગનું નામ | વર્તુળનું નામ | નોડલ અધિકારીનો મોબાઈલ નંબર | નોડલ અધિકારીનોકચેરીના ફોન નંબર | નોડલ અધિકારીનો ફેક્સ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ડૉ. સકીરા બેગમ, ભા.વ.સે. | અમદાવાદ સા.વ.વિ. | સા.વ.વર્તુળ, અમદાવાદ | ૭૫૭૪૯૫૦૦૬૦ | ૦૭૯-૨૨૬૮૨૪૩૦ | ૦૭૯-૨૨૬૮૨૪૩૦ |
| ૨ | અમરેલી | ડૉ. પ્રિયંકા ગેહલોટ, ભા.વ.સે. | અમરેલી, સા.વ.વિ. | સા. વ.વર્તુળ, રાજકોટ | ૯૯૭૮૪૦૫૧૫૭ | ૦૨૭૯૨-૨૨૨૬૦૩ | ૦૨૭૯૨-૨૨૨૬૦૩ |
| ૩ | આણંદ | શ્રી એમ.એન. રાજયગુરૂ, | આણંદ, સા.વ.વિ., | સા.વ.વર્તુળ, અમદાવાદ | ૯૪૨૮૧૫૩૬૮૯ | ૦૨૬૯૨-૨૬૪૮૫૫ | ૦૨૬૯૨-૨૬૪૮૫૫ |
| ૪ | અરવલ્લી | ડૉ. અભિષેકકુમાર, ભા.વ.સે. | અરવલ્લી, ક્ષેત્રીય વિભાગ | ગાંધીનગર વર્તુળ | ૯૪૧૧૧૬૩૨૭૩ | ૦૨૭૭૪-૨૯૧૬૯૪ | ૦૨૭૭૪-૨૪૬૬૯૩ |
| ૫ | બનાસકાંઠા | ડૉ. જી. એસ. સીંઘ, ભા.વ.સે. | બનાસકાંઠા વિભાગ | વન્યજીવ વર્તુળ, ગાંધીનગર | ૯૪૦૯૩૦૩૩૪૧ | ૦૨૭૪૨-૨૫૭૦૮૪ | ૦૨૭૪૨-૨૫૨૫૪૩ |
| ૬ | ભરૂચ | શ્રી એમ.આર.સોલંકી, | ભરૂચ સા.વ.વિ. | સા.વ.વર્તુળ, ભરૂચ | ૭૩૨૬૮૭૫૬૫૬ | ૦૨૬૪૨-૨૬૮૦૫૦ | ૦૨૬૪૨-૨૨૨૩૩૦ |
| ૭ | ભાવનગર | ડૉ. સંદીપકુમાર, ભા.વ.સે. | ભાવનગર, ક્ષેત્રીય વિભાગ | જુનાગઢ વર્તુળ | ૯૯૧૩૧૪૪૩૩૯ | ૦૨૭૮-૨૪૨૮૬૪૪ | ૦૨૭૮-૨૪૨૬૩૧૩ |
| ૮ | બોટાદ | શ્રીમતી રાજસંદીપ, ભા.વ.સે. | બોટાદ, સા.વ.વિ. | સા. વ.વર્તુળ, રાજકોટ | ૭૬૦૦૧૭૫૫૭૮ | ૦૨૭૮-૨૪૨૮૩૫૦ | ૦૨૭૮-૨૪૨૮૩૫૦ |
| ૯ | છોટાઉદેપુર | શ્રી એન. એમ. પંડયા, | છોટાઉદેપુર, ક્ષેત્રીય વિભાગ | વડોદરા વર્તુળ | ૯૬૨૪૮૨૬૧૦૦ | ૦૨૬૬૯-૨૩૨૦૩૨ | ૦૨૬૬૯-૨૩૨૦૩૨ |
| ૧૦ | દાહોદ | શ્રી જે.એલ.ઝાલા, ભા.વ.સે. | સા.વ.વિ., દાહોદ | સા.વ. વર્તુળ, ગોધરા | ૯૪૨૬૦૪૫૩૧૧ | ૦૨૬૭૩-૨૬૬૧૩૭ | ૦૨૬૭૩-૨૪૦૪૬૩ |
| ૧૧ | ડાંગ | શ્રી ડી. બી. ત્રિવેદી, | ડાંગ (દક્ષિણ), ક્ષેત્રીય વિભાગ | વલસાડ વર્તુળ | ૭૫૭૪૯૫૦૧૦૮ | ૦૨૬૩૧-૨૨૦૨૪૬ | ૦૨૬૩૧-૨૨૦૩૦૭ |
| ૧૨ | દેવભૂમી દ્વારકા | શ્રી આર.ધનપાલ. ભા.વ.સે. | દેવભૂમી દ્વારકા, સા.વ.વિ. | સા. વ.વર્તુળ, રાજકોટ | ૮૨૩૮૮૬૧૭૦૫ | ૦૨૮૩૩-૨૩૨૫૭૪ | ૦૨૮૩૩-૨૩૨૫૭૪ |

# ઉત્તરાયણ પર્વ - ૨૦૧૯ "કરુણા અભિયાન"

## જીલ્લાવાર નોડલ અધિકારીઓની યાદી

| અ.નં. | જીલ્લાનું નામ | જીલ્લા નોડલ અધિકારીનું નામ, ના.વ.સં. | વિભાગનું નામ | વર્તુળનું નામ | નોડલ અધિકારીનો મોબાઈલ નંબર | નોડલ અધિકારીનોકચેરીના ફોન નંબર | નોડલ અધિકારીનોફેક્ષ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૩ | ગાંધીનગર | શ્રી એસ.એમ. ડામોર, | ગાંધીનગર, ક્ષેત્રીય વિભાગ, | ગાંધીનગર વર્તુળ | ૯૪૨૭૦૭૯૬૭૩ | ૦૭૯૨૩૨-૨૧૨૬૦ | ૦૭૯૨૩૨-૩૯૮૭૨ |
| ૧૪ | ગીર સોમનાથ | શ્રી જી. એ. સોંઢા, | ગીર સોમનાથ, સા.વ.વિ. | સા.વ.વર્તુળ, રાજકોટ | ૯૯૨૫૨૩૫૮૩૮ | ૦૨૮૭૬-૨૨૩૨૮ | ૦૮૭૭૬-૨૨૨૨૯૨ |
| ૧૫ | જામનગર | શ્રી ડી.એમ.જોષી, ભા.વ.સે. | જામનગર | જામનગર | ૯૭૨૭૭૧૨૫૭૭ | ૦૨૮૮-૨૫૫૨૦૭૭ | ૦૨૮૮-૨૭૭૦૧૬૧ |
| ૧૬ | જુનાગઢ | ડૉ. ધીરજ મિત્તલ, ભા.વ.સે. | ગીર પશ્ચિમ વિભાગ, | જુનાગઢ વન્યપ્રાણી વર્તુળ | ૭૦૬૯૫૩૭૩૩૩ | ૦૨૮૫-૨૬૩૧૦૪૪ | ૦૨૮૫-૨૬૩૧૦૪૪ |
| ૧૭ | કચ્છ | શ્રી પી.એ.વિહોલ, ભા.વ.સે. | કચ્છ પૂર્વ, ક્ષેત્રીય વિભાગ | કચ્છ વર્તુળ | ૯૮૨૫૩૬૩૬૩૦ | ૦૨૮૩૨-૨૫૦૨૨૭ | ૦૨૮૩૨-૨૨૯૬૩૦ |
| ૧૮ | ખેડા | ડૉ. ટી. કરૂપાસામી, ભા.વ.સે | નડીયાદ, સા.વ. વિ. | સા.વ.વર્તુળ, અમદાવાદ | ૭૫૭૪૯૫૦૦૪૫ | ૦૨૬૮-૨૫૫૦૩૧૬ | ૦૨૬૮-૨૫૬૭૩૧૨ |
| ૧૯ | મહીસાગર | શ્રી આર.એમ.પરમાર | મહીસાગર, ક્ષેત્રીય વિભાગ | વડોદરા વર્તુળ | ૯૭૨૭૭૫૨૦૯૭ | ૦૨૬૭૪-૨૫૧૧૫૪ | ૦૨૬૭૪-૨૬૧૧૫૩ |
| ૨૦ | મહેસાણા | શ્રી વાય.એલ.વર્મા, ભા.વ.સે. | મહેસાણા, સા.વ.વિ. | સા.વ.વર્તુળ, મહેસાણા | ૯૮૨૫૨૫૮૩૩૨ | ૦૨૭૬૨-૨૨૧૧૨૫ | ૦૨૭૬૨-૨૨૧૮૨૨ |
| ૨૧ | મોરબી | શ્રી એમ.એમ.ભાલોડી, ભા.વ.સે. | મોરબી, ક્ષેત્રીય વિભાગ | જુનાગઢ વર્તુળ | ૯૦૯૯૯૫૧૦૮૪ | ૦૨૮૧-૨૪૭૯૦૦૪ | ૦૨૮૧-૨૪૫૦૫૩૫ |
| ૨૨ | નર્મદા | શ્રી ડી. કે. શશીકુમાર, ભા.વ.સે. | નર્મદા, વન વિભાગ | વન્યપ્રાણી, વડોદરા વર્તુળ | ૭૫૭૪૯૫૦૦૩૬ | ૦૨૬૪૦-૨૨૦૩૪૩ | ૦૨૬૪૦-૨૨૦૦૧૩ |
| ૨૩ | નવસારી | શ્રી એસ.વી. કેદારીયા | નવસારી, સા.વ.વિ. | સા.વ.વર્તુળ, ભરૂચ | ૯૪૨૬૧૬૧૭૩૯ | ૦૨૬૩૭-૨૫૮૧૯૩ | ૦૨૬૩૭-૨૪૬૯૪૭ |
| ૨૪ | પંચમહાલ | ડૉ.અંશુમાન, ભા.વ.સે. | ગોધરા, ક્ષેત્રીય વિભાગ | વડોદરા વર્તુળ | ૯૪૨૬૭૨૧૩૭૦ | ૦૨૬૭૨-૨૪૨૨૧૦ | ૦૨૬૭૨-૨૪૨૨૧૦ |
| ૨૫ | પાટણ | શ્રી જે. જે. રાજપુત, | પાટણ, ક્ષેત્રીય વિભાગ, | કચ્છ વર્તુળ | ૯૯૭૮૯૧૭૧૫૦ | ૦૨૭૬૬-૨૨૫૮૫૦ | ૦૨૭૬૬-૨૩૧૬૯૪ |



Scanned with CamScanner

# ઉત્તરાયણ પર્વ - ૨૦૧૯ "કરુણા અભિયાન"

## જીલ્લાવાર નોડલ અધિકારીઓની યાદી

| અ.નં. | જીલ્લાનું નામ | જીલ્લા નોડલ અધિકારીનું નામ , ના.વ.સં. | વિભાગનું નામ | વર્તુળનું નામ | નોડલ અધિકારીનો મોબાઈલ નંબર | નોડલ અધિકારીનોકચેરીના ફોન નંબર | નોડલ અધિકારીનોફેક્ષ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૬ | પોરબંદર | શ્રી આઇ.એમ.રબારી, | પોરબંદર, વિભાગ | વ.પ્રા.વર્તુળ, જુનાગઢ | ૯૪૨૭૦૪૪૦૮૫ | ૦૨૮૬-૨૨૪૨૫૫૧ | ૦૨૮૬-૨૨૧૦૩૭૩ |
| ૨૭ | રાજકોટ | શ્રી એમ.એમ.મુની | રાજકોટ, સા.વ.વિ. | સા.વ.વર્તુળ, રાજકોટ | ૯૪૨૭૭૪૮૧૨૩ | ૦૨૮૧-૨૪૭૬૪૯૭ | ૦૨૮૧-૨૪૭૬૪૯૭ |
| ૨૮ | સાબરકાંઠા | ડૉ. શોભીતા અગ્રવાલ, ભા.વ.સે. | સાબરકાંઠા, ક્ષેત્રીય વિભાગ | ગાંધીનગર વર્તુળ | ૯૪૧૧૭૧૪૬૯૫ | ૦૭૯૨૩૨-૨૧૨૬૦ | ૭૯૨૩૨૩૯૮૭૨ |
| ૨૯ | સુરત | શ્રી જે.એચ.રાઠોડ | સુરત,સા.વ. વિ. | સુરત વર્તુળ | ૯૭૩૭૯૧૮૦૧૦ | ૦૨૬૧-૨૭૩૩૮૨૪ | ૦૨૬૧-૨૭૩૩૮૨૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | શ્રી જી.એ. ઝાલા, | સુરેન્દ્રનગર, ક્ષેત્રીય વિભાગ | જુનાગઢ વર્તુળ | ૯૪૨૮૮૧૨૮૦૧ | ૦૨૭૫૨-૨૮૩૪૦૧ | ૦૨૭૫૨-૨૮૩૫૦૧ |
| ૩૧ | તાપી | શ્રી આનંદકુમાર એસ, ભા.વ.સે. | વ્યારા, ક્ષેત્રીય વિભાગ, | સુરત વર્તુળ | ૮૯૮૦૬૧૩૫૦૫ | ૦૨૬૨૬-૨૨૨૦૧૯ | ૦૨૬૨૬-૨૨૨૩૩૯ |
| ૩૨ | વડોદરા | શ્રી કે.જે.મહરાજા, | વડોદરા, સા.વ.વિ., | સા.વ.વર્તુળ, ગોધરા | ૯૪૨૭૯૦૮૨૨૫ | ૦૨૬૫-૨૪૩૧૧૨૮ | ૦૨૬૫-૨૩૨૭૫૧૦ |
| ૩૩ | વલસાડ | શ્રી એસ.વી.કેદારિયા | વલસાડ, સા.વ.વિ. | સા.વ.વર્તુળ, ભરૂચ | ૯૪૨૬૧૬૧૭૩૯ | ૦૨૬૩૨-૨૪૩૨૫૮ | ૦૨૬૩૨-૨૪૩૨૫૮ |



Scanned with CamScanner

પરિપત્ર

વિષય : ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૧/૨૦૧૮ ઘાયલ પશુપક્ષીના સારવાર માટેનું "કરૂણા અભિયાન"

દર વર્ષે ઉત્તરાયણના પર્વના સમયગાળા દરમ્યાન નિર્દોષ પક્ષીઓ પતંગની દોરીથી ઘાયલ થવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા પામે છે. ઘાયલ પક્ષીઓ પ્રત્યેક કરૂણા દાખવવા અર્થે પશુપાલન ખાતા દ્વારા ઘવાયેલ પશુપક્ષીઓને આકસ્મિક સારવારની તાત્કાલિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી નિર્દોષ પશુપક્ષીઓને જીવતદાન મળી રહે તેવા ઉમદા હેતુથી આ અંગે ખાસ સારવાર માટે પ્રણાલિગત રીતે દર વર્ષે આ પ્રકારનું વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવે છે. ગત વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ પશુપાલન વિભાગ અને વન વિભાગ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓ તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓના સંકલનમાં તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૧/૨૦૧૮ દરમિયાન સવારે ૮-૦૦ કલાક થી સાંજે ૧૮-૦૦ કલાક દરમિયાન રાજ્યમાં એક ખાસ અભિયાન તરીકે ઉત્તરાયણના પર્વ દરમિયાન "કરૂણા અભિયાન" અન્વયે રાજ્યમાં જીલ્લા કક્ષાએ દરેક જીલ્લાના મુખ્ય મથકે ઘાયલ પશુપક્ષીઓની સારવારનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે તે ધ્યાને લઇ ઉત્તરાયણ પર્વના આ સમયગાળા દરમિયાન ઘાયલ પશુપક્ષીઓની સારવાર કરવાનું જરૂરી આયોજન ગોઠવવા અને તે પ્રમાણેની કામગીરી કરવા આથી તમામ સંબંધિત જીલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામકશ્રીઓને જણાવવામાં આવે છે. સદર અભિયાનને સફળ બનાવવા સારૂ પશુપાલન ખાતાની જીલ્લાની અન્ય તમામ યોજનાઓમાં/કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓનો સહકાર જરૂરિયાત મુજબ મેળવવાનો રહેશે તેમજ આ અભિયાન માટે જીવદયા સંસ્થાઓનો કે પ્રાણી કલ્યાણ સંસ્થાઓનો કે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટનો પણ સહયોગ લઇ શકાશે. જીલ્લાની અન્ય કચેરીઓ અને સારવાર સંસ્થાઓએ નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી જીલ્લા પંચાયતની સૂચના અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, સામાન્ય પ્રણાલીગત મુજબ રાજ્યમાં ઉત્તરાયણના પર્વ દરમ્યાન પશુઓને ખાસ કરીને ગાયને ભાવિક લોકો દ્વારા રજકો, લીલોચારો, ઘુઘરી વગેરે વધુ પ્રમાણમાં ખવડાવવાના કારણે પશુઓમાં આફરાના કેસો અવાર-નવાર બનતા હોય છે. આવા પ્રસંગો નિવારવા અંગે લોક જાગૃતિ લાવવા માટે તથા આ પર્વના સમયગાળા દરમ્યાન જીલ્લા પંચાયતની પશુસારવાર સંસ્થાઓ/વેટરનરી પોલીક્લીનીક ખાતે આવા તમામ અસરગ્રસ્ત પશુઓને વિનામુલ્યે તાત્કાલિક યોગ્ય તે સારવાર મળી રહે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

2017

11545

D:\2017-18\ઉત્તરાયણ પર્વ\પરિપત્ર.docx

આ કાર્યક્રમનો જાહેર જનતા બહોળા પ્રમાણમાં લાભ લઇ શકે તે હેતુથ... અભિયાન" અંગે આપની કક્ષાએથી પોસ્ટર્સ તથા પેમ્ફલેટથી બહોળી પ્રસિધ્ધિ મળે તે આયોજન કરવા જણાવવામાં આવે છે.

અત્રેની કચેરીના પત્ર જા.નં. વી/વહટ/૨૦૧૭-૧૮/૨૬૪૭-૮૪/૧૭, તા.૨૦/૦૪/૨૦૧૭ (નકલ સામેલ છે) થી જણાંવ્યા મુજબ આ પ્રોગ્રામ દરમ્યાન નામ. હાઇકોર્ટના Write Petition (PIL) No. 9/2017 & 12/2017 અન્વયે તા. ૨/૩/૨૦૧૭ના રોજ આપેલ ચુકાદામાં જણાવ્યાનુસાર આદેશનું પણ ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

આપના દ્વારા આ બાબત અંગે કરવામાં આવેલ વ્યવસ્થા/કામગીરીનો અહેવાલ સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની કચેરી મારફતે આ સાથે સામેલ રાખેલ પત્રકમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

સહી/-
(ડૉ. એ.જે. કાછીઆપટેલ)
પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

---

જા.નં. વી/ટેક-૧/૨૦૧૭-૧૮/ફા.નં.૨૬/૮૮૧૭-૮૯૯/૧૭
પશુપાલન નિયામકની કચેરી,
ગુજરાત રાજય, કૃષિભવન, બ્લોક-બી,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
તા.૧૪/૧૨/૨૦૧૭

પ્રતિ,
(૧) નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત – તમામ
(૨) નાયબ પશુપાલન નિયામકશ્રી, વેટરનરી પોલીક્લીનીક – તમામ

નકલ રવાના જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ પ્રતિ,
(૧) વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી - અમદાવાદ / વડોદરા / રાજકોટ
૨/- આપના વિભાગનો સંકલિત રિપોર્ટ તૈયાર કરી દિન-૫માં રજુ કરવાનો રહેશે.
(૨) જિલ્લાની તમામ કચેરીઓ

નકલ સવિનય રવાના જાણ સારૂ પ્રતિ,
(૧) માન. અગ્ર સચિવશ્રી (પશુપાલન)
કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી
વન અને પર્યાવરણ વિભાગ - સચિવાલય, ગાંધીનગર
(૩) માન. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટર કચેરી – તમામ
(૪) માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત – તમામ
(૫) GVK - EMRI, નરોડા-કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ

નાયબ પશુપાલન નિયામક
(પશુઆરોગ્ય)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with CamScanner

જા.ન.વી/વહટ/૨૦૧૭-૧૮/૨૬૪૭-૬૪/૧૭
પશુપાલન નિયામકની કચેરી
સેક્ટર ન.૧૦/એ.કૃષિ ભવન ,ગાધીનગર
તા.૨૦/૪/૨૦૧૭

પ્રતિ
નાયબ /મદદનીશ પશુપાલન નિયામકશ્રી
જિલ્લા પંચાયત .(તમામ)

વિષય : રહેણાક વિસ્તારોમાં પક્ષીઓની સારવારના કેમ્પ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરવા બાબત .

સંદર્ભ : અત્રેની એપિડેમિયોલોજી શાખાના પત્ર મુ.ન.એપી /૩૭૧/૧૭ તા.૨૭/૩/૧૭

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બર્ડ ફ્લુના રોગચાળા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ WRIT PETITION (PIL) NO.9 OF 2017 અને WRIT PETITION (PIL) NO.12 OF 2017 અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૦૨/૦૩/૨૦૧૭ ના રોજ આપેલ ૩૬ પાનાના ચુકાદામાં પાના નં.૩૪ ઉપર દર્શાવેલા ફકરા નંબર ૨૩ના પેટા ફકરા નંબર ૧ માં જણાવવામાં આવેલ વિગતોને ધ્યાને લઇ, રહેણાંકના વિસ્તારોમાં પક્ષીઓની સારવારના કેમ્પ યોજવા બાબતે ચુકાદામાં જણાવવાનુસારના આદેશનું અચૂકપણે ચુસ્ત રીતે પાલન કરવા સારૂ આથી તમામને જણાવવામાં આવે છે.

નામદાર ગુજરાત હાઇકોર્ટના ૩૬ પાનાના ચુકાદા પૈકી પાના નં.૧,૨,૩૪,૩૫ અને ૩૬ની નકલો આપના ready reference સારૂ આ સાથે સામેલ છે તથા સંપુર્ણ ૩૬ પાનાનો ચુકાદો તથા આ પત્ર email દ્વારા તમામને મોકલી આપવામાં આવનાર છે, જે જાણ થાય.

બિડાણ : ઉપર મુજબ

મુસદ્દો માન. નિયામકશ્રી દ્વારા મંજુર

પશુપાલન નિયામકવતી,
ગુજરાત રાજ્ય ,ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :

(૧) વિભાગીય સયુંકત પશુપાલન નિયામકશ્રી ,અમદાવાદ/વડોદરા/રાજકોટ
(૨) અત્રેની કચેરીની એપિડેમિયોલોજી શાખા તરફ

Scanned with CamScanner

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ

સત્યમેવ જયતે

અરવિંદ અગ્રવાલ આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ

સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૧૪, આઠમો માળ,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

તા: /૧૨/૨૦૧૭

18 DEC 2017

પ્રતિ,
કલેકટરશ્રી,
અમદાવાદ.

વિષય:- "કરુણા અભિયાન"-૨૦૧૮.
સંદર્ભ: સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના પરિપત્ર તા:૨૭/૧૨/૨૦૧૬ ક્રમાંક:વપસ/ ૧૦૨૦૧૬/૨૩૧૪/ડબ્લ્યુ

આપ સુવિદીત હશો કે, રાજ્યમાં વન વિભાગ દ્વારા ગત વર્ષેથી ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી પતંગના દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરુણા અભિયાન " હાથ ધરવામાં આવે છે.

"કરુણા અભિયાન" ગુજરાત સરકારનો કુદરત પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ બનવા પામેલ છે. આખા દેશમાં એકમાત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. "કરુણા અભિયાન" કાર્યક્રમ પક્ષી સંરક્ષણ માટેનો એક શ્રેષ્ઠ દાખલો પુરો પાડે છે. આથી દેશભરમાં ગુજરાતની આગવી ઓળખ બનવા પામેલ છે.

ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમ્યાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે તાલુકા/ જિલ્લા સ્તરે તેમજ મોટા શહેરોમાં માહિતીની આપ- લે માટે કંટ્રોલ રૂમ તેમજ જુદા-જુદા સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવે છે.

વર્ષ- ૨૦૧૮ માં પણ ઉત્તરાયણ વખતે તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લઈ "કરુણા અભિયાન" કાર્યક્રમનું આયોજન હાથ ધરવા સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. આ કાર્યક્રમાં આપના જિલ્લાના વિસ્તારમાં સરકારશ્રીના તમામ વિભાગો, સરકારી સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાનો વગેરે તમામ સંબંધિતનો સક્રિય સહયોગ વન વિભાગને મળી રહે તે માટે આપની કક્ષાએથી સંબંધિતોને સુચના આપશો અને આપની કક્ષાએથી આ પુણ્ય કાર્યમાં જિલ્લા કક્ષાએ સંકલન કરવામાં સહયોગ/ નેતૃત્વ પુરૂં પાડશો તેવી વિનંતી કરુ છું.

o/c
Kishor

આપનો વિશ્વાસુ

(signature)

અરવિંદ અગ્રવાલ
સરકારના અધિક મુખ્ય સચિવ

• ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૦૫૧, ૨૩૨૫૧૦૫૩ • ફેક્સ નં.: ૦૭૯-૨૩૨૫૨૧૫૬ • Email : secfed@gujarat.gov.in
www.fed.gujarat.gov.in

Scanned with CamScanner

सत्यमेव जयते

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ

અરવિંદ અગ્રવાલ આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ

સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૧૪, આઠમો માળ,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

તા: /૧૨/૨૦૧૭
18 DEC 2017

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ મહાનગરપાલિકા.

વિષય:- "કરુણા અભિયાન"-૨૦૧૮.
સંદર્ભ: સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના પરિપત્ર તા:૨૭/૧૨/૨૦૧૬ ક્રમાંક:વપસ/૧૦૨૦૧૬/૨૩૧૪/ડબ્લ્યુ

આપ સુવિદીત હશો કે, રાજ્યમાં વન વિભાગ દ્વારા ગત વર્ષેથી ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી પતંગના દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરુણા અભિયાન " હાથ ધરવામાં આવે છે.

"કરુણા અભિયાન" ગુજરાત સરકારનો કુદરત પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ બનવા પામેલ છે. આખા દેશમાં એકમાત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. "કરુણા અભિયાન" કાર્યક્રમ પક્ષી સંરક્ષણ માટેનો એક શ્રેષ્ઠ દાખલો પુરો પાડે છે. આથી દેશભરમાં ગુજરાતની આગવી ઓળખ બનવા પામેલ છે.

ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમ્યાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે તાલુકા/ જિલ્લા સ્તરે તેમજ મોટા શહેરોમાં માહિતીની આપ- લે માટે કંટ્રોલ રૂમ તેમજ જુદા-જુદા સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવે છે.

વર્ષ- ૨૦૧૮ માં પણ ઉત્તરાયણ વખતે તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લઈ "કરુણા અભિયાન" કાર્યક્રમનું આયોજન હાથ ધરવા સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. આ કાર્યક્રમાં આપના મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીના તમામ વિભાગો, સરકારી સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાનો વગેરે તમામ સંબંધિતનો સક્રિય સહયોગ વન વિભાગને મળી રહે તે માટે આપની કક્ષાએથી સંબંધિતોને સુચના આપશો અને આપની કક્ષાએથી આ પુણ્ય.કાર્યમાં જિલ્લા કક્ષાએ સંકલન કરવામાં સહયોગ/ નેતૃત્વ પુરૂં પાડશો તેવી વિનંતી કરૂ છું.

O/c
[signature] 18/12/17

આપનો વિશ્વાસુ
[signature]
અરવિંદ અગ્રવાલ
સરકારના અધિક મુખ્ય સચિવ

આવક ક્રમાંક Total-Mi Co(...)
શાખા [signature]
તારીખ 18 DEC 2017

• ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૦૫૧, ૨૩૨૫૧૦૫૩ • ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૨૧૫૬ • Email : secfed@gujarat.gov.in
www.fed.gujarat.gov.in

Scanned with CamScanner

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ

પત્ર ક્રમાંક:વપસ/૨૬/અ/૧૯૭૯/૨૦૧૭-૧૮

તા.૧૮/૧૨/૨૦૧૭

વિંદ અગ્રવાલ, IAS,
અધિક મુખ્ય સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ,
ગાંધીનગર

સ્નેહીશ્રી,

આપ સુવિદિત હશો જ કે, રાજયમાં વન વિભાગ દ્વારા દર વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી પતંગના દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરુણા અભિયાન " હાથ ધરવામાં આવે છે.

"કરુણા અભિયાન", ગુજરાત સરકારનો કુદરત પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ બનવા પામેલ છે. આખા દેશમાં એકમાત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટે આ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે .આ કાર્યક્રમ પક્ષી સંરક્ષણ માટેનો એક શ્રેષ્ઠ દાખલો પુરો પાડવાની સાથે સાથે દેશભરમાં ગુજરાતની આગવી ઓળખ બનવા પામેલ છે.

પશુપાલન વિભાગ દ્વારા દર વર્ષે "કરુણા અભિયાન" કાર્યક્રમ માટે ખુબજ સારો સાથ સહકાર આપવામાં આવે છે. બિન સરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતાં પક્ષી સારવાર કેન્દ્રોનું નિરીક્ષણ કરી તે સારવાર માટે યોગ્ય હોવા અંગે પ્રમાણિત કરવાનું, ખાનગી પશુ ચિકિત્સકોની લાયકાત અંગે ખાતરી કરવાની, પક્ષી સારવાર કામગીરીનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપવાનું, સરકારી પશુ દવાખાનામાં ઘાયલ પક્ષીઓની સારવાર કરવી વગેરે કામગીરીઓમાં પશુપાલન વિભાગ દ્વારા સાથ સહકાર આપવામાં આવે છે. પશુપાલન વિભાગ રાજયના સમગ્ર વિસ્તારમાં પશુ ચિકિત્સકો અને પશુ દવાખાનાઓનું વિસ્તૃત માળખું ધરાવે છે. પશુપાલન વિભાગના સાથ સહકારથી રાજયના સમગ્ર વિસ્તારમાં પક્ષીઓની ચિકિત્સા અને સારવારની કાર્યવાહી અસરકારક રીતે હાથ ધરવામાં આવે છે.

વર્ષ- ૨૦૧૮ માં ઉત્તરાયણ વખતે યોજવામાં આવનાર "કરુણા અભિયાન" કાર્યક્રમ દરમ્યાન પણ પક્ષી સંરક્ષણ માટેની શ્રેષ્ઠ કામગીરી થાય તે માટે પશુપાલન વિભાગના પશુ ચિકિત્સકો અને પશુ દવાખાનાઓ દ્વારા નીચે મુજબની કાર્યવાહી થાય તે અભિયાનની સફળતા માટે ખુબજ ઈચ્છનીય છે.

૧. પશુપાલન વિભાગ હેઠળ કાર્યરત જીલ્લા/ તાલુકા/ ગ્રામ કક્ષાના તમામ પશુ દવાખાનાઓ "કરુણા અભિયાન" દરમ્યાન ખુલ્લા રાખવામાં આવે તેમજ પશુ ચિકિત્સકો દ્વારા સંપુર્ણ સમય દરમ્યાન ઉપલબ્ધ રહી સેવા આપવામાં આવે

૨. પક્ષીઓની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દવાઓનો પુરતો સ્ટોક ચિકિત્સાલયોમાં ઉપલબ્ધ રાખવામાં આવે.

૩. પશુ ચિકિત્સકો દ્વારા ઘાયલ પક્ષીઓને યોગ્ય સારવાર મળી રહે તે અંગે જરૂરી તાલીમનું આયોજન કરી શકાય.

૪. પક્ષી સારવાર માટે એક પ્રોટોકોલ નક્કી કરી શકાય.

૫. મોબાઈલ પશુ ચિકિત્સા વાનની વ્યવસ્થા રાખી શકાય તો યોગ્ય રહેશે.

૬. સારવાર કરવામાં આવેલ પક્ષીઓની વિગતો અંગેનું રેકર્ડ જાળવાની વ્યવસ્થા કરવી.

૭. જીલ્લા કક્ષાએ "કરુણા અભિયાન" માટેની મિટીંગોમાં ઉપસ્થિત રહી માહિતી પુરી પાડી યોગ્ય સુચનો આપી શકાય.

૮. બિન સરકારી સંસ્થાઓ દ્વારા ઉભા કરવામાં આવતાં પક્ષી સારવાર કેન્દ્રની મુલાકાત લઈ તેમાં ઉપલબ્ધ સુવિધાઓ / વ્યવસ્થા / સ્વચ્છતા ધ્યાને લઈ પક્ષી સારવાર માટે યોગ્ય હોવા અંગે પ્રમાણપત્ર આપવા બાબત.

૯. પક્ષી સારવાર કેન્દ્રમાં સેવા આપતાં ખાનગી પશુચિકિત્સકોની લાયકાત ચકાસી કામગીરી માટે પ્રમાણિત કરવા બાબત.

૧૦. પક્ષી સારવાર કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ કરી યોગ્ય માર્ગદર્શન / સલાહ - સુચન આપી શકાય.

૧૧. પશુપાલન વિભાગ અંતર્ગત જુદા-જુદા જિલ્લાઓમાં કાર્યક્રમાં સ્વયંસેવકો (Volunteers), પશુ ચિકિત્સાલયો, પોલી કિલીનીક, મોબાઈલ પશુ સેવા તેમજ આપની કક્ષાએથી પશુપાલન વિભાગના સબંધીત અધિકારીશ્રીઓને ૧૦/૦૧/૨૦૧૮ થી ૨૦/૦૧/૨૦૧૮ સુધી યોજાનાર "કરુણા અભિયાન" માં વન વિભાગના સંકલનમાં રહી સહયોગ આપવા યોગ્ય સુચના આપશો તેવી વિનંતી કરું છુ.

Kishor 18/12/17

આપનો સ્નેહાધીન,

અરવિંદ અગ્રવાલ

4545 18/12/17

રવાના કર્યું
19 DEC 2017

પ્રતિ,
ડૉ. એસ.મુરલીક્રિષ્ના, આઈ.એ.એસ.
સચિવશ્રી,
પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ અને સહકાર વિભાગ,
બ્લોક નં:-૫, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર
બિડાણ: ઉપર મુજબ

*Block No.14, 8th Floor, New Sachivalaya, Gandhinagar, Gujarat-382010*
*Tel: 079-23252678, Fax-079-23252156.*

Scanned with CamScanner